**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૪/૧૧/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૬/૧૫**

**અમદાવાદ શહેર તથા નડીયાદ ખાતે માત્ર પવૈયાઓનેજ નિશાન બનાવતી અને ત્રણ લુંટના તથા એક ઘરફોડ ચોરીના ગુન્હાઓમાં સંડોવાયેલ તેમજ મારામારી ના ગુન્હામાં વોન્ટેડ ગઝાલા માસી ગેંગના ત્રણ આરોપીઓ ને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ.**

ડીસીબી પો.સ્ટેશન સ્ટે.ડા.એ.નં- ૦૭/૨૦૧૫ સી.આર.પી.સી.કલમ-૪૧(૧)ડી તથા ૧૦૨ મુજબ ના કામે પકડાયેલ આરોપીઓ (૧) માસીરાની @ રાજુ @ ગઝાલા પાયલદે કિન્નર(પાવૈયા) ઉ.વ. ૩૧ રહે. મહેમદાવાદ રેલ્વે સ્ટેશનની સામે, ટેકરા ઉપર, રજીયાબેન વોરાના મકાનમાં, મહેમદાવાદ, જી.ખેડા (૨) મોહંમદ હાસીમ @ સોનુ સ/ઓ મોહંમદ રઇશભાઇ અંસારી ઉ.વ.૨૩ રહે. ૪૩૬, સૈયદવાડા,બેચર લશ્કરી હોસ્પીટલની સામે, જોર્ડન રોડ, દિલ્હી ચકલા, દરીયાપુર,અમદાવાદ શહેર (૩) ફૈઝાન @ ફૈઝાનકાણીયા સ/ઓ લીયાકતહુસેન કાઝી ઉ.વ. ૨૦ રહે. મ.નં. ૪૦૮, સજ્જન જમાદારનો મહોલ્લો, જોર્ડન રોડ, દિલ્હી ચકલા, દરીયાપુર, અમદાવાદ શહેર નાઓને તા-૨/૧૧/૨૦૧૫ ના ક-૧૯/૫૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

જે આરોપીઓ અમદાવાદ શહેરના જુદાજુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાણીલીમડા બોમ્બે હોટલ પાછળ રહેતી સાયરા દે તથા સલમા દે ના મકાનમાં લુંટ તથા ગોમતીપુર વિસ્તારમાં આંચલદે માસીના ઘરે લુંટ કરી તથા શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સને-૨૦૧૩ માં કરેલ ઘરફોડ ચોરીના ગુન્હાની કબુલાત કરેલ છે. તથા નડીયાદ રેલ્વે સ્ટેશન પાછળ છાપરામાં રહેતી સલમા દે માસી ના ત્યાંથી લુંટ કરેલ આમ ત્રણ લુંટના તથા એક ઘરફોડ ચોરીના ગુન્હાઓ મળી કુલ ૪ ગુન્હાઓમાં સંડોવાયેલ છે. તેમજ માધુપુરા પોલીસ સ્ટેશન મારામારી ના ગુન્હામાં પણ વોન્ટેડ છે. જેઓ પાસેથી ઉપરોક્ત ગુન્હામાં ગયેલ મુદ્દામાલ મોબાઇલ ફોન તથા રોકડા રૂપીયા તથા વાસણો તથા બીજી અન્ય વસ્તુઓ મળી કુલે રૂ-૨૪૨૫૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. અને આ તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે કે આ ગઝાલા ગેંગ પાવૈયાઓનેજ નિશાન બનાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)